જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૦૬/૨૦૧૮ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૨૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૧૩૧/૧૮**

**ક્રાઇમબ્રાન્ચ** : પાર્થભાઇ પ્રુથ્વીસિંહ ડોડીયા (ઉ.વ.૩૫)(રહે,પૃથ્વી આરાધના સોસાયટી, એરપોર્ટ રોડ, રાજકોટ શહેર) એ તા.૧૫/૬/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૧૮ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) નવલભાઇ વેલજીભાઇ ઉર્ફે વિરજી ઠાકોર (૨) જગદીશભાઇ વેલજીભાઇ ઉર્ફે વિરજી ઠાકોર (૩) વિષ્ણુભાઇ વેરસીજી ઠાકોર (તમામ રહે, ગામ. કંબોઇ, તા. ચાણસ્મા, જી. પાટણ) નાઓ પાર્થભાઇ ની જય સોમનાથ એન્ડ કંપનીની અમદાવાદ બ્રાન્ચની આગંડીયા પેઢીમાં નોકરી હતા અને તેઓની પાર્થભાઇ ની જય સોમનાથ એન્ડ કંપનીના અમદાવાદ બ્રાન્ચ ખાતે જમા રહેલા રોકડા રૂપીયા ૫૦,૦૦,૦૦૦/- ની ઉચાપત કરી, પાર્થભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ચૌધરી, ક્રાઇમબ્રાંચ ચલાવે છે.

**સાબરમતી** : મુકેશભાઇ રામજીભાઇ ચૌહાણ (ઉ.વ.૫૬)(રહે,ગોવર્ધનનગર રાજીવનગરની બાજુમાં જુના અચેર સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૧૭ થી તા.૧૫/૦૬/૨૦૧૮ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) નટવરજી વિરાજી ઠાકોર (૨) રાજુભાઇ રબારી (૩) પ્રતાપભાઇ રબારી અને (૪) બળદેવભાઇ રબારી (જેઓના નામા સરનામા ખબર નથી તે) ભેગામળી મુકેશભાઇને વિશ્વાસમાં લઇ, મુકેશભાઇના ઘરની પાછળ આવેલ ખાલી પ્લોટ નંબર-૨૩ જે સરકારશ્રીના હસ્તકનો હોવા છતાં, તેના બાના પેટે બે વાર એક-એક લાખ રૂપિયા લઇ, કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મુકેશભાઇ પાસેથી મેળવી લઇ, મુકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.નીનામા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૨ /૧૮</u>**

**અમરાઇવાડી** : કલાવતીબહેન વા/ઓ ભસ્કરભાઇ મુદલીયાર (રહે,મોતીનગર ચતુરભાઇની ચાલી જોગેશ્વરી રોડ અમરાઇવાડી) તા.૨૯/૦૩/૧૮ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન હાટકેશ્વર સુર્યનગર કાર્તીકસ્વામીના મંદીર ખાતે કોઇ અજાણી વ્યક્તિએ કલાવતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કલાવતીબહેન મુદલીયારે તા.૧૫/૬/૧૮ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એન.બારોટ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૩ /૧૮</u>**

**સરદારનગર** : કુલચંદભાઇ મનજીભાઇ રોઠિયા (રહે,વિષ્ણુપાર્ક ભાગ્યદય સોસાયટી, વિભાગ-૧ ની અંદર નરોડા, કુબેરનગર સરદારનગર) તા.૧૪/૦૬/૧૮ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાની સોસાયટી ના નાકા નજીક થી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલા બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) કુલચંદભાઇ ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ફલચંદભાઇ રોઠિયાએ તા.૧૫/૬/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૪/૧૮</u>**

**રખિયાલ** : ચેતનભાઇ વિનયચંદ્ર શાહ (ઉ.વ.૫૩)(રહે,મલાય ટેનામેન્ટ વાસણા બેરેજ રોડ વાસણા) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૬/૧૮ ના કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે રખિયાલ કેવલકાંટા પાસે આવેલ રાધાકુષ્ણ એસ્ટેટ રોડ નંબર-૪ આગળ પોતાના કારખાનામાં કારીગર તરીકે કામ કરતા રશ્મીરંજન અનંતકુમાર મોહંટી (ઉ.વ.૨૪) નાઓ કારખાનાની આગળ સુતા હતા દરમ્યાન એક ટ્રક નંબર આર.જે.૦૪.જી.એ.૦૯૯૩ નો ચાલકે ટ્રક બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા, કારીગર રશ્મીરંજન ના ડાબા પગના ધુંટણ થી કમર સુધીનો ભાગ ટ્રકના ટાયરમાં આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

**નારોલ** : વિજયભાઇ ભીખાભાઇ વાઘેલા (ઉ.વ.૪૨)(રહે,ઉમંગ ફલેટ રંગોલીનગર ની સામે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૬/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ને.હા.નંબર-૮, નારોલ સર્કલ પાસે ટ્રાન્સપોર્ટનગર ની સામે પોતાનો પુત્ર દિલીપ (ઉ.વ.૧૭) પોતાનું પેશન પ્લસ મોટર સાયકલ લઇ પસાર થઇ રહ્યો હતો દરમ્યાન એક ટ્રક નંબર આર.જે.૧૪.જી.એ.૬૪૭૯ નો ચાલક પોતાના કબ્જાની ટ્રક બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવી લાવતા, મોટર સાયકલને ટકકર વાગતા, દિલીપને શરીરે ગંભીર ઇજાઓ થતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૩૫/૧૮**

**કૃષ્ણનગરઃ** વર્ષાબહેન વા/ઓ પ્રવિણભાઇ જોગીયા (ઉ.વ.૩૮) (રહે. મુરલીધર સોસાયટી કઠવાડા રોડ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૬/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** અશોકભાઇ ઉતમસિંગ પરિહાર (ઉ.વ.૩૮) (રહે.મહિપતસિંગની શેઠની લાઇન કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૬/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે રામેશ્વરબ્રીજ નીચે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૫/૬/૧૮ કલાક ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી અરસનભાઇ ઇન્દુભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.